# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, નવા GST દરોથી સામાન્ય પરિવારની બચત અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત થશે.
2. GST દરોમાં ઘટાડો કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને મુખ્યમંત્રી, મંત્રીઓ સહિત વેપારી મંડળોએ આવકાર્યો
3. IIM અમદાવાદને સતત છઠ્ઠા વર્ષે શ્રેષ્ઠ મેનેજમેન્ટ સંસ્થા તરીકે સ્થાન મળ્યું
4. આગામી 3 દિવસ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી
5. છઠ્ઠી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ચાર્મી ત્રિવેદી અંડર-19ની સેમિફાઇનલમાં પહોંચી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM GST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, નવા GST દરોથી સામાન્ય પરિવારની બચત અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત થશે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકો સાથે સંવાદ કરતાં શ્રી મોદીએ આ મુજબ જણાવ્યુ. તેમણે જણાવ્યુ  21મી સદી આગળ વધતાં ભારતમાં GSTમાં પણ સુધારો કરાયો જેનાથી નાગરિકોની જીવન ગુણવત્તામાં વધારો થશે અને વપરાશ તેમજ વૃદ્ધિને પ્રોત્સાહન મળશે.

(બાઇટ : નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

-------------

# GST REFORMS REVIEW

રોજીંદી વસ્તુઓ અને સેવાઓ પરના GST દરોમાં ઘટાડો કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકાર્યો છે. તેમણે જણાવ્યુ, આ સુધારાથી કરોડો મધ્યમ વર્ગના પરિવારો, ખેડૂતો, નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને ફાયદો થશે. આ સાથે રાજ્યના નાણા મંત્રી કનુ દેસાઇ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે પણ નિર્ણયની પ્રશંસા કરી. જ્યારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પણ આ નિર્ણયને આવકારતા કહ્યું કે GST દરોમાં સુધારાથી આરોગ્યલક્ષી સેવાઓમાં રાહત મળશે.

(બાઇટ : ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

આ નિર્ણયને રાજ્યના વિવિધ વેપારી મંડળોએ પણ આવકાર્યો છે. ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ GCCIના અધ્યક્ષ સંદીપ એન્જિનિયરે કહ્યું, આ સુધારા વેપારીઓ અને ઉદ્યોગકારો માટે લાભદાયી નીવડશે.

(બાઇટ : સંદીપ એન્જિનિયર, અધ્યક્ષ)

દક્ષિણ ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળના અધ્યક્ષ નિખિલ મદ્રાસીએ કહ્યું, રિયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રોને પ્રોત્સાહન મળશે. કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં દમણ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા GST માં થયેલા મોટા ફેરફારોને આવકારવામાં આવ્યા છે.

-------------

# CM VGRC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો દ્વારા રાજ્યમાં ક્ષેત્ર વિશેષ રોકાણની નવી તકો ખુલશે. વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનોના સંદર્ભમાં નવી દિલ્હી ખાતે અગ્રણી ઉદ્યોગપતિઓ સાથેના સંવાદ કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ હતું. તેમણે કહ્યું, દેશની કુલ નિકાસમાં ગુજરાતનું 27 ટકા યોગદાન છે. તેમણે ઉમેર્યું કે ગુજરાતની વિકાસ યાત્રાનું આગામી પગલું ભવિષ્ય માટે તૈયાર મેગા પરિયોજના સંચાલિત હશે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

-----------------

# IIMA

IIM અમદાવાદને સતત છઠ્ઠા વર્ષે શ્રેષ્ઠ મેનેજમેન્ટ સંસ્થા તરીકે સ્થાન મળ્યું. કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આજે જાહેર કરાયેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક-NIRF ઇન્ડિયા રેન્કિંગ 2025માં, અમદાવાદની આ સંસ્થાને સન્માનિત કરવામાં આવી છે.

આ અંગે, IIM અમદાવાદના નિયામક પ્રો. ભરત ભાસ્કરે કહ્યું, “IIMA ખાતે, અમે ઝડપથી બદલાતી દુનિયાના પડકારોનો સામનો કરી શકે તેવા મેનેજમેન્ટ નેતાઓ અને નવીનતાઓને પોષવા માટે પ્રતિબદ્ધ છીએ. આ સિદ્ધિ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની શૈક્ષણિક શ્રેષ્ઠતા, અસરકારક સંશોધન અને સમાજમાં યોગદાન પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

-------------

# Governor – Chota Udepur

પ્રાકૃતિક કૃષિ થકી કૃષિના નવા યુગનો પ્રારંભ થઈ ચૂક્યો છે- રાજયપાલ આચાર્ય દેવવ્રતે છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં યોજાયેલ ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ’ કાર્યક્રમમાં આમ જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ,છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી પ્રકૃતિ તરફ પ્રયાણ કરવા હાંકલ કરી હતી.

તેમણે પ્રાકૃતિક કૃષિની હિમાયત કરી પ્રાકૃતિક કૃષિને વૈજ્ઞાનિક ખેતી ગણાવી હતી.

આ કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલશ્રીએ પરિસરમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત વસ્તુઓ તેમજ પંચગવ્ય ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ અને પ્રદર્શન કરતા સ્ટોલની મુલાકાત લીધી હતી.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# WEATHER FORECAST

આગામી 3 દિવસ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે, નર્મદા, છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લાઓ માટે ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર

કરાયું છે. આગામી 5 દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે અને પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યું કે આજે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે LCS-3 સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

(બાઇટ: ડો. એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

-------------

# GUJARAT RAIN-DAM

સાર્વત્રિક વરસાદ થતાં રાજ્યના 114 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે 26 જળાશયને એલર્ટ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર 89 ટકા ભરાયો છે. ત્યારે બંધના 15 દરવાજા ખોલી સાડા ત્રણ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જેને પગલે નર્મદા, વડોદરા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારોના 27 ગામોને એલર્ટ કરાયા છે.

રાજ્યના 125 તાલુકામાં આજે વરસાદ પડ્યો. જેમાં સુરતના ઉમરપાડામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ વરસાદ નોંધાયો. આ ઉપરાંત કચ્છ, તાપી, ભરૂચ અને નવસારી સહિતના જિલ્લામાં પણ મેઘમહેર થઈ હતી.

-------------

# Van Mahotsav

ડાંગ જિલ્લાના વઘઇ કૃષિ યુનિવર્સીટી ખાતે જિલ્લા કક્ષાનો વનમહોત્સવ ઉજવાયો, જેમાં માલિકી યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ, વન ધન વિકાસ યોજનાના લાભાર્થીઓને કીટ વિતરણ તેમજ ખેડૂતોને આંબા કલમ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં.

બોટાદ જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી જવાહર નવોદય વિદ્યાલય ખાતે કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગરની એમ.પી.શાહ કોમર્સ કોલેજ ખાતે ૭૬માં વન મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી હતી.

નવસારી જિલ્લાના દાંડીમાં પર્યાવરણના જતન થકી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી થઈએ " થીમ હેઠળ સમર્પણ આશ્રમ ખાતે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

મોરબીમાં માર્કેટિંગ યાર્ડ ખાતે સાંસદ પરષોત્તમ રૂપાલાના અધ્યક્ષસ્થાને વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

સુરત જિલ્લાના બારડોલીના ઉમરાખના વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ખાતે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

-------------

# TABLE TENNIS

સુરતમાં રમાઈ રહેલી છઠ્ઠી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ચાર્મી ત્રિવેદી અંડર-19ની સેમિફાઇનલમાં પહોંચી છે. ભાવનગરની છઠ્ઠા ક્રમની ચાર્મીએ એક ગેમથી પાછળ રહ્યા બાદ વળતો

પ્રહાર કરીને ત્રીજા ક્રમની જિયા ત્રિવેદીને 3-1થી હરાવીને ગર્લ્સ અંડર-19ની સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. બોયઝ અંડર-19 કેટેગરીમાં બિનક્રમાંકિત હેત ઠક્કરે તેની વિજયકૂચ જાળવી રાખી હતી.

-------------

# Bhavnagar Kunvarji Bavaliya

કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ ભાવનગરના સરતાનપર ખાતે 54 કરોડ 81 લાખ રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત કર્યું.

શ્રી મંત્રીશ્રીએ જણાવ્યું કે, ભાવનગરના તળાજા તાલુકાના સરતાનપર અને તરસરા ગામ પાસે ત્રણ ચેકડેમ બનાવવામાં આવશે. સરતાનપર ચેકડેમ (બંધારા) યોજનાનાથી પાણી દરિયામાં વહી જવાના બદલે સંગ્રહિત થશે, જેથી 3000 હેકટર જમીનના ભૂગર્ભ જળસ્તર અને કૂવાના તળ ઊંચા આવશે. સિંચાઈ માટે પૂરતું પાણી મળશે અને પાક ઉત્પાદન વધશે.

તેમજ શેત્રુંજી ડાબા કાંઠા અને જમણાં કાંઠા નહેરના આધુનિકીકરણ કામો થવાથી જમણાં કાંઠામાં સથરા, નૈપ, કળસાર ઉપરાંત મેથળા, મધુવન, ઝાંઝમેર, ખંઢેરા ગામોમાં અગાઉ જે સમય લાગતો હતો તેના કરતાં નોંધપાત્ર ઘટાડો થઈ વહેલા પાણી પહોંચશે.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે ચેકડેમ (બંધારા) તથા શેત્રુંજી નહેરના આધુનિકરણથી ખેડૂતોને લાભ થાય એવું શ્રેષ્ઠ આયોજન કરવામાં આવ્યું છે.

-------------

# Porbandar - Manrega

પોરબંદર જિલ્લામાં 3 હજાર 168 પરિવારને મનરેગા અંતર્ગત 4 કરોડ 47 લાખ રૂપિયાનું ચૂકવણું કરાયું છે.

સરકાર દ્વારા લોકોને રોજગારી આપવાના હેતુથી ચલાવવામાં આવતી મનરેગા યોજના અંતર્ગત 5 જિલ્લામાં આઠ માસ દરમિયાન 3168 પરિવારોને રોજગારી મળી છે અને આ પરિવારોને 4 કરોડ 47 લાખ રૂપિયા રકમ ચૂકવવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારના ગરીબ પરિવારોને રોજગારી મળી રહે તે માટે, તળાવ ઊંડા કરવા, વનીકરણ, રોડ રસ્તાના કામ, આવાસના કામ સહિત 386 અલગ અલગ કામો આવરી લેવામાં આવ્યા છે.

-------------

# Dadabhai navroji –birth anni ..

નવસારીમાં હિંદના દાદા - દાદાભાઈ નવરોજીની 201મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ હતી.

નવસારી મહાનગરપાલિકા દ્વારા લક્ષ્મણ હોલ ખાતે દાદાભાઈ નવરોજજીની પ્રતિમાને ફૂલહાર અર્પણ, વંદન કરવાનો કાર્યક્રમ નવસારી મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો હતો.

-------------